# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 07/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: SUNDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

1) ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત આયોગની બેઠકમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા થઈ.
2) કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું, છેલ્લા 12 વર્ષમાં ભારત નવીનતા અને આત્મવિશ્વાસથી પ્રેરિત મહત્વાકાંક્ષી રાષ્ટ્રમાં પરિવર્તિત થયું.
3) મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકેથી પાંચ કરોડની કિંમતનું 3 કિલોગ્રામ સોનું જપ્ત.
4) આગામી બે થી ત્રણ દિવસ દેશના વિવિધ વિસ્તારોમાં વરસાદની આગાહી.
5) ઉલાનબાતર ઓપન કુસ્તી સ્પર્ધામાં ભારતીય કુસ્તીબાજોએ આજે બે સુવર્ણ અને બે રજત ચંદ્રક જીત્યા.

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# JITENDRA-12 YEARS

કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારે છેલ્લા 12 વર્ષમાં ભારતને નવીનતા અને આત્મવિશ્વાસથી પ્રેરિત મહત્વાકાંક્ષી રાષ્ટ્રમાં પરિવર્તિત કર્યું છે. મીડિયા સાથે વાત કરતા ડૉ. સિંહે કહ્યું કે, વહીવટી સુધારા અને નાગરિક-કેન્દ્રિત નીતિઓએ દેશના લોકોની ભવિષ્યની સંભાવનાઓને જોવાની રીત મૂળભૂત રીતે બદલી નાખી છે. તેમણે કહ્યું કે ભારતનું અવકાશ અર્થતંત્ર, આગામી સાતથી આઠ વર્ષમાં લગભગ 45 અબજ ડોલર સુધી વધવાની અપેક્ષા છે.

તેમણે કહ્યું, સરકારનું લાંબા ગાળાનું લક્ષ્ય માત્ર આર્થિક વિકાસ જ નથી, પરંતુ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના દ્રષ્ટિકોણમાં ફાળો આપતા સશક્ત અને મહત્વાકાંક્ષી સમાજનું નિર્માણ કરવાનું છે.

# GOVT-LPG

સરકારે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે LPGના ભાવમાં તીવ્ર વધારો થયો હોવા છતાં, દેશવાસીઓને વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ભાવે રાંધણ ગેસ મળી રહ્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે ભારતીય સિલિન્ડર કોઈપણ પડોશી દેશ કરતાં સસ્તા છે જે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા વિકસિત અર્થતંત્રો કરતાં નોંધપાત્ર રીતે ઓછા છે.

સાંભળીએ એક અહેવાલ

(BYTE - VAISHNAVI---LPG)

ઉલ્લેખનીય છે કે ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં ફરીથી 29 રૂપિયાનો વધારો કરાયો છે. 913 રૂપિયામાં મળતાં સિલિન્ડરનો ભાવ હવે વધીને 942 થયો છે.

# CBSC- REVULATION CLASS -12

ધોરણ 12ની પરીક્ષાના પરિણામો જાહેર થયા બાદ ઉત્તરવહીઓના પુનઃમૂલ્યાંકન અને ચકાસણી માટે ઓનલાઈન અરજી કરવાનો આજે અંતિમ દિવસ છે.

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે પોર્ટલ મધ્યરાત્રિ સુધી ખુલ્લું રહેશે. બોર્ડે વિદ્યાર્થીઓને વહેલી તકે અરજી કરવા જણાવ્યું છે.

# MUMBAI-GOLD SMUGGLING

મહારાષ્ટ્રમાં, મહેસૂલ ગુપ્તચર વિભાગે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સોનાની દાણચોરી કરતી ટુકડીનો પર્દાફાશ કર્યો છે. વિમાનમથકેથી લગભગ પાંચ કરોડ રૂપિયાની કિંમતનું 3.2 કિલોગ્રામ સોનું જપ્ત કરાયું.

દરમિયાન બાંગ્લાદેશ અને શ્રીલંકાના ત્રણ મુસાફરો અને એરપોર્ટના ત્રણ કર્મચારી સહિત સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મુસાફરોએ કથિત રીતે સોનાને તેમના શરીરમાં છુપાવીને દાણચોરી કરી હતી, જ્યારે એરપોર્ટના સ્ટાફે તેને મદદ કરી હતી.

# E-JAGRITI-CONSUMER-AFFAIRS

ગ્રાહક બાબતો વિભાગના ઈ-જાગૃતિ ડિજિટલ મંચને રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ પુરસ્કાર-2026 હેઠળ રજત પુરસ્કાર મળ્યો છે. આ પુરસ્કાર સરકારી પ્રક્રિયાઓમાં સુધારો કરવા અને ટેકનોલોજી દ્વારા ડિજિટલ પરિવર્તનને માન્યતા આપે છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે જણાવ્યું કે ગ્રાહકોની ફરિયાદોના ઝડપી નિરાકરણમાં ઈ-જાગૃતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ વર્ષે ૧ જાન્યુઆરીએ શરૂ કરાયેલા આ AI-આધારિત મંચ પરથી 2 લાખ 7 હજાર થી વધુ ફરિયાદોનો ઉકેલ લવાયો છે.

# PM-MAJOR BARAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેજર અભિલાષા બરાકને સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય લૈંગિક અધિવક્તા પુરસ્કાર એનાયત થવા બદલ અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ સન્માન મેજર બરાકની અનુકરણીય સેવા અને સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા પ્રયાસોમાં ભારતના લાંબા સમયથી યોગદાનની માન્યતા છે. શ્રી મોદીએ કહ્યું કે મેજર બરાકની સિદ્ધિ અસંખ્ય યુવા ભારતીયો, ખાસ કરીને દેશની દીકરીઓ માટે પ્રેરણારૂપ છે.

# PM-SALIM KUMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીઢ અભિનેતા સલીમ કુમારના નિધન પર શોક  વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે સલીમ કુમારે તેમની પ્રતિષ્ઠિત કારકિર્દી દરમિયાન વિવિધ ભૂમિકાઓમાં તેમની બહુમુખી પ્રતિભા અને યાદગાર અભિનયથી એક છાપ છોડી છે.

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા મલયાલમ અભિનેતા સલીમ કુમારનું ગઈકાલે રાત્રે કોચીમાં 57 વર્ષની વયે નિધન થયું હતું.

# REV. DAY IMD WEATHER

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ સુધી દેશના વિવિધ વિસ્તારોમાં વરસાદની જ્યારે ઉત્તર અને મધ્ય ભારતના કેટલાક ભાગોમાં ગરમીની સ્થિતિ યથાવત રહેવાની આગાહી કરી છે.

મધ્ય અરબી સમુદ્ર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણાના કેટલાક વિસ્તારો, બંગાળની ખાડી, અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ચોમાસાના આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ છે. દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, માહે, ઉપ-હિમાલય પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આવતીકાલે ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે.

આ દરમિયાન, આગામી ચાર દિવસ સુધી દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ રાજસ્થાન અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરવામાં આવી છે.

# EVE-SAFF-WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય મહિલા ફૂટબોલ ટીમને SAFF ચેમ્પિયનશિપ 2026 જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ કહ્યું, મહિલા ફૂટબોલરોએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ કૌશલ્ય, નિશ્ચય અને ટીમવર્કનું પ્રદર્શન કર્યું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ટીમની નોંધપાત્ર સિદ્ધિ દેશભરની યુવા છોકરીઓને આત્મવિશ્વાસ અને હિંમત સાથે તેમના સપનાઓને આગળ વધારવા માટે પ્રેરણા આપશે.

ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં કહ્યું , આ નોંધપાત્ર સિદ્ધિ ભારતમાં મહિલા ફૂટબોલની વધતી જતી શક્તિને પ્રતિબિંબિત કરે છે અને દેશભરના મહત્વાકાંક્ષી ખેલાડીઓને પ્રેરણા આપશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ જીત આગામી સમયમાં વધુ યુવાનોને ફૂટબોલ રમવા માટે પ્રોત્સાહિત કરશે. શ્રી મોદીએ ટીમને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભેચ્છાઓ પાઠવી.

કેન્દ્રિય સરક્ષણ મંત્રી રાજનાથ સિંહ  અને  કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ ભારતીય મહિલા ટીમને SAFF ચેમ્પિયનશિપ ટ્રોફી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે ગોવાના મડગાંવ ખાતે રમાયેલી ફાઇનલ મેચમાં ભારતે બાંગ્લાદેશને 3-1થી હરાવીને છઠ્ઠી વખત સ્પર્ધા જીતી હતી.

# WRESTLING

ભારતીય કુસ્તીબાજોએ આજે મંગોલિયામાં ઉલાનબાતર ઓપન કુસ્તી સ્પર્ધામાં પુરુષોની ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં બે સુવર્ણ અને બે કાંસ્ય ચંદ્રક જીત્યા. દીપકે 61 કિલોગ્રામ વજનજૂથની ફાઇનલમાં કઝાકિસ્તાનના એસિલ આઈટાકિનને 6-0થી હરાવીને જયારે દિનેશે 125 કિલોગ્રામ વજનજૂથની ફાઇનલમાં કઝાકિસ્તાનના યેદિગે કાસિમ્બેકને હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો.

બીજી તરફ મોહિત કુમાર અને વિકીએ અલગ અલગ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યા.

# EVE IND-AFG TEST CRICKET

ન્યુ ચંદીગઢમાં રમાઈ રહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં બીજા દિવસની રમતના અંતે, અફઘાનિસ્તાને ભારત સામે 5 વિકેટે 113 રન બનાવ્યા. આ સાથે અફઘાનિસ્તાન 451 રનથી પાછળ છે. રમતના અંતે રહમત શાહ 43 રન બનાવીને અણનમ રહ્યો.

ભારત તરફથી માનવ સુથારે ત્રણ જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણાએ બે વિકેટ લીધી.દિવસની શરૂઆતમાં, ભારતે 8 વિકેટે 564 રનના વિશાળ સ્કોર પર પોતાનો પહેલો દાવ જાહેર કર્યો હતો. કપ્તાન શુભમન ગિલે 126, જ્યારે કેએલ રાહુલે 100 રન બનાવ્યા હતા.

# SOUTH KOREA-PM NOMINATION

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ લી જે મ્યુંગે દેશના આગામી પ્રધાનમંત્રી તરીકે લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી હાન સિયોંગ-સૂકને નામાંકિત કર્યા છે. રાષ્ટ્રીય સભા દ્વારા મંજૂરી બાદ હાન લી દેશના બીજા મહિલા પ્રધાનમંત્રી બનશે.

# US-SHOOTING

અમેરિકાના ઓહિયોમાં સામુદાયિક ઉત્સવ દરમિયાન થયેલા ગોળીબારમાં 12 લોકો ઇજાગ્રસ્ત થયા, જેમાં બેની હાલત ગંભીર છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ગોળીબાર ઓલ્ડ વેસ્ટ એન્ડ ફેસ્ટિવલ નજીક થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યુ કે ઓછામાં ઓછા બે વ્યક્તિઓ ગોળીબારની ઘટનામાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસે શંકાસ્પદોની શોધ શરૂ કરી છે.